PRV

# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## ક્રમાંક : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૭૧/૨૦૧૭.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતનાં અહેવાલો તથા અમદાવાદમાં ભૂતકાળમાં આતંકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાન હાની તથા મિલકતની હાની કરવામાં આવેલ. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે અને વાહનોનો તથા હાઇવેની હોટલોનો ઉપયોગ કરે છે.

રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતાં આવા રાષ્ટ્ર વિરોધી તત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની અવર જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપવા વાહનોનો ઉપયોગ કરતાં હોય છે અને આવા તત્વો બોમ્બ ધડાકા, ચોરી, લૂંટ અને ધાડનાં ગૂન્હાઓ કર્યા બાદ અમૂક અંતરે જઇ વાહનોમાં બળતણ ભરાવવા અથવા તો હોટલો ઉપર ચા-પાણી કરવા તથા જમતાં હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતાં હોય છે. જેથી આવા ગંભીર પ્રકારનાં બનાવોના કારણે નાગરીકને પોતાની અસલામતીનો સતત ભય સતાવતો રહે છે.

આવા ગુન્હા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધવા માટે મહત્વની કડી રૂપ બને તે સારૂ પેટ્રોલપંપ, ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા (નાઇટવિઝન તથા હાઇડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુન્હેગારોની તથા ગુન્હામાં વપરાયેલ વાહનોની આઇડેન્ટીફાઇ(ઓળખ) કરીને ગુન્હેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવા મુકી શકાય, જેથી તકેદારીનાં પગલાં રૂપે જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, મલ્ટીપ્લેક્ષ શોપીંગ સેન્ટરો, તથા કોમર્શીયલ સેન્ટરો, હોટલો, તથા ટોલ પ્લાઝા, પેટ્રોલપંપનાં માલિકો/ઉપભોગતાઓ/વહીવટ કર્તાઓ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સીઆરપીસી) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં અનુક્રમે આવેલ નીચે મુજબની જગ્યાઓ જેવી કે,

(૧) જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ/કોમર્શીયલ સેન્ટર/થ્રીસ્ટારથી ઉપર ની હોટલો ઉપર સીક્યુરીટીને ધ્યાને લઇ પ્રવેશદ્વાર ઉપર સિક્યુરીટી ગાર્ડ/મેટલ ડીટેકટર તથા સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાનાં પાર્કીંગ/ભોયરૂં/તમામ માળ ઉપર સીક્યુરીટી ગાર્ડ અને સીસીટીવી કેમેરાની ગોઠવણી કરવી જેમાં. Image-colour, Image sensor 1/3" minimum, Support-TCP/IP and remote monitoring, Resolution-600 TVL Min, Compression-H.264/MJPEG, System data storage-15 days min., With Back light compensation and night vision capability વાળા સીસીટીવી કેમેરા ગોઠવવા.

(૨) ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડીંગ/ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામ ગૃહ/કોમર્શીયલ સેન્ટર/પેટ્રોલપંપ/ટોલપ્લાઝા/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ વિગેરે ઉપર સીસીટીવી કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓનાં નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટીવી કેમેરાની ગોઠવણી કરવી. સી.સી.ટી.વી.નાં રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવી.

(૪) ધર્મશાળાનાં સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઇ.ડી., એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનનાં રજીસ્ટ્રેશન નંબરોની જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

આ હુકમ તા.૩૧.૦૮.૨૦૧૭ થી તા.૨૯.૧૦.૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ કમિશનરશ્રીની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.23/૦૮/૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/ટ્રાફિક શાખા/મુખ્ય મથક અમદાવાદ શહેર.
(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)
(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.
(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.
(૨૫) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.